॥ શ્રીહરિઃ ॥

શ્રી હરિનાં પદ.

જેમાં.

શ્રી હરિદાસ કૃત, શ્રી હરિની આરતી, સરસ્વતીનાં પદ, શ્રી ગોવિંદ માધવનાં પદ, અને પતિવ્રત મહિમાનો ગરબો, એ વસ્તુનો સમાવેશ છે.

છપાવનાર.
જગન્નાથ માધવરામ સર્મા.
સિદ્ધપુર.

અમદાવાદ
સિવિલ ઇસ્પીતાલ સામે શેઠ. પાનાભાઇની વાડીના મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ જેકીસનદાસે છાપા.

કીમત રૂ. ૦—૦—૫

॥ श्रीः ॥

श्रीगोपालकृष्णायनमः

પાતિવ્રત્ય મહિમા.

ગરબી.

(રઘુપતી રામ, રૂદેમાં રેહેજોરે. એ રાગ).

પતિવ્રત પાળીએ મુજ બ્હેનીરે, એમાં લજ્જા તે રાખીએ શેની. ટેક.
શંકર સુતને સરસ્વતી માયરે, પ્રભુ ગોવિંદ માધવ રાયરે;
જેને સમર્યે સફળ શુભ થાય, પતિવ્રત પાળીએ મુજ બ્હેનીરે. એ.૧
સતી દેવહુતી મુજ માયરે, જેના પુત્ર કપિલ મુની રાયરે;
જેના નામે દુરિત ટળી જાય. પતિવ્રત. ૨
વ્રત સૌમાં પતિવ્રત મોટુંરે, એ વિના તપ સઘળું ખોટુંરે;
મૃગ જળ પીવા મારવું દોડું. પતિવ્રત. ૩
વ્રત વનિતા કરે ધરી પ્રેમરે, દુઃખ વેઠીને સાચવે નેમરે;
શું છે કારણ કરવાનું એમ. પતિવ્રત. ૪
તેનું કારણ સાંભળો એજરે, વાધે પતિનું આયુષ્યને તેજરે;
સ્વામી કુશળ તો સહુ સુખ રહેજ. પ્રતિવ્રત. ૫
વ્રત સર્વનું ફળ સૌભાગ્યરે, લખ્યું શાસ્ત્રમાં જાગો જાગ્યરે;
પતિ કુશળ રહે તે સૌભાગ્ય. પ્રતિવ્રત. ૬

હવે સમજ્યાં હશો એહેનો અર્થરે; વ્રત કરિને લેવો નથી ગર્થરે;
એતો સર્વે પતિ તણું અર્થ. પ્રતિવ્રત. ૭

જેને માટે મહાવ્રત કરિયેરે, જેને એઠે રૂડાં થઈ ફરિયેરે;
જે વિના સહૂ સુખ પરહરિયે. પ્રતિવ્રત. ૮

એવા સ્વામીને થઇ આધીનરે, તેનાં સેવામાં થઇએ પ્રવીણરે;
સેવા ચૂકીએ નહિ કોઈ દિન. પતિવ્રત. ૯

એવા વ્રતનું પતિવ્રત નામરે, એથી નિશ્ચે મળે હરિ ધામરે,
બીજા વ્રતનુ પછી શું છે કામ. પતિવ્રત. ૧૦

પતિવ્રતને તજી જે નારરે, તીર્થ વ્રત કરે બીજાં અપારરે;
કોટી જન્મે ન પામે ઉદ્ધાર. પતિવ્રત૦ ૧૧

માટે સાંભળજો એહેની મર્મરે; પતિ દૈવત આપણું પરમરે;
એની સેવાએ આપણો ધર્મ. પતિવ્રત૦ ૧૨

મોટું રક્ષણ આપણું જેહરે, જેને અર્પ્યો છે આપણો દેહરે;
સાચો ઇશ્વર જાણવો તેહ. પતિવ્રત૦ ૧૩

તેની આજ્ઞા સદા શિર ધરિયેરે, તેની ઇચ્છાથી ઉલટું ન કરિયેરે;
તેને ગમતુ સદાયે આચરિયે, પતિવ્રત૦ ૧૪

તેના દુઃખમાં થઇયે સહાકરે, સુખ મળવાના કરીયે ઉપાયરે:
તેને અર્થે છે આપણી કાય. પતિવ્રત. ૧૫

ઘર કામમાં તત્પર રહિયેરે, વ્યવહાર વિવેકથી વહિયેરે;
દુઃખ સુખ સહુ સ્વામીને કહિયે, પતિવ્રત૦ ૧૬

વસ્ત્ર ભૂષણ શોભતાં સજીયેરે, આળપંપાળ ઉન્માદને તજીયેરે;
પૂરા પ્રેમે ભર્તારને ભજીયે. પતિવ્રત૦ ૧૭
દોષ નાથનો મનમાં ન લહિયેરે, કટુ વચન કદી નવ કહિયેરે;
સ્વામી કહેતો તે સાંખી રહિયે. પતિવ્રત૦ ૧૮
એના સર્વસ્વ આપણું બાઇરે, સાગાં એની છે સાચી સગાઇરે;
નાત તાત ભલે રહ્યા બાઇ. પતિવ્રત૦ ૧૯
એવા સ્વામીને પુણ્યથી પામીરે, સેવે નહી તેની કેટલી ખામીરે;
તેતો નાર છે જીવ નકામી. પતિવ્રત૦ ૨૦
સ્વામી સૌભાગ્ય કેરૂં મૂળરે, સેવે નહિ તેને થઇ અનકુળરે;
એવી નારના મુખપર ધૂળ. પતિવ્રત૦ ૨૧
સ્વામીનાથની સેવાને છોડીરે, કરિયે દર્શને દોડા દોડીરે;
એમા લાભ મળે નહિ કોડી. પતિવ્રત૦ ૨૨
એવા સ્વામીનો નવ કરે નારરે, પૂજે પ્રેમથી દેવ મોરારરે;
તેનો હરિ ન કરે અંગીકાર. પતિવ્રત૦ ૨૩
તીર્થે નહાવા તણું મન થાયરે, વ્રત કરવાને મન લલચાયરે;
ધોઇ પીવા પતિ તણા પાય. પતિવ્રત૦ ૨૪
સ્વામી આજ્ઞા આપે તો જઇયેરે, હરિને પ્રણમીને માગી લઇયેરે;
સ્વામી સુખમાં રહો, એમ કહિયે. પતિવ્રત૦ ૨૫
કહે છે વિનવીને, શ્રી હરિદાસરે, ભવ તરવાની જો હોય આશરે;
સેવો પતિને તો વૈકુંઠ વાસ. પતિવ્રત૦ ૨૬

॥ श्रीः ॥

श्रीहरिर्जयति.

શ્રી હરિની આરતિ.

જય દેવ જય દેવ, જય રાધા રમણા પ્રભુ જય રાધા રમણા;
જય ગોપીજન વલ્લભ (૨), દુઃખ સકલ શમના;
જય દેવ જય દેવ. ટેક. ૧

જય જય કુંજવિહારી, જય ગોકુલરાયા પ્રભુ જય ગોકુલરાયા;
વ્રજવિધુ રાસવિહારી (૨), નિજજન સુખ દાયા;
જય દેવ જય દેવ. ૨

જય વૃંદાવન વાસી, જય જય ગિરિધારી પ્રભુ જય જય ગિરિધારી
ગોપીજન મનરંજન (૨), જય મુરલી ધારી;
જય દેવ જય દેવ. ૩

જય જય દેવકી નંદન, જય મથુરાધીશા પ્રભુ જય મથુરાધીશા,
નંદ યશોદા નંદન (૨), જય જય જગદીશા,
જય દેવ જય દેવ. ૪

જય જય કંસ નિકંદન, દાનવ કુલ દલના પ્રભુ દાનવ કુલ દલના;
ભક્ત જન પ્રતિપાલક (૨), જય દુર્જન ખલના;

જય દેવ જય દેવ. ૫

જય સુંદર શ્યામળિયા, પીતાંબર ધારી, પ્રભુ પીતાંબર ધારી;
મોર મુકુટ શિર શોભે (૨), અતિ મંગળ કારી;

જય દેવ જય દેવ. ૬

કર્ણે વિષે શુભ કુંડલ, મકરાકૃતિ શોભે; પ્રભુ મકરાકૃતિ શોભે;
નાસાગ્રે મુક્તાફળ (૨) જોતા મન લોભે.

જય દેવ જય દેવ. ૭

હૃદયે કૌસ્તુભ ઝળકે, મણિ મુક્તામાળા પ્રભુ મણિ મુક્તામાળા;
બાહે બાજુ બિરાજે (૨), અતિશય તેજાળા;

જય દેવ જય દેવ. ૮

કટિયે કિંકિણિ રણકે, નૂપુર ચરણ વિષે પ્રભુ નુપુર ચરણ વિષે;
મણિ બંધે મણિ ભૂષણ, મણિ બંધે મણિ કંકણ અતિ સુંદર દીસે,

જય દેવ જય દેવ. ૯

ભાલે તિલક વિશાળ, શોભે શ્રમ મહનુ, પ્રભુ કેસર શ્રમ મહનું;
વન માળા પર ગુંજે (૨), રાણું ષટ્ પદનુ,

જય દેવ જય દેવ. ૧૦

હસિત વદન હરી ઉભા, મુજ સામું જોઈ પ્રભુ મુજ સામું જોઈ;
કૃપા કટાક્ષે દુખડા (૨), સહુ નાંખ્યાં ખોઈ;

જય દેવ જય દેવ. ૧૧

એવા હરિ નિરખી મેં લ્હાવો સર્વ લીધો, પ્રભુ લ્હાવો સર્વે લીધો;

પ્રપંચ આશા છૂટી (૨) ભવ ભય ભરમ ગયો,

જય દેવ જય દેવ. ૧૨

હવે વિનંતી એટલી, શ્રીહરિ તવ ચરણે પ્રભુ શ્રીહરિ તવ ચરણે;
મુને નિરંતર રાખો (૨), દાસ કરી શરણે;

જય દેવ જય દેવ. ૧૩

હાથ ગ્રહિ તરછોડો, તો નિજ બિરદ હારો પ્રભુ તો નિજ બિરદ હારો;
જેવો ગણશો તેવો (૨) હું પણ ઉદ્ધારો,

જય દેવ જય દેવ. ૧૪

એવી હરિની આરતિ, જે હેતે ગાશે, પ્રભુ જે પ્રીતે ગાશે;
હરજીવન પ્રભુ તેને (૨), પ્રેમામૃત પાશે;

જય દેવ જય દેવ. ૧૫

જય દેવ જય દેવ, જય રાધા રમણા. પ્રભુ જય રાધા રમણા;
જય ગોપીજન વલ્લભ, (૨), દુઃખ સંકટ શમન;

જય દેવ જય દેવ. ૧૬

ઇતિ શ્રી હરિદાસ હરજીવન વિરચિત શ્રી ભગવત્પ્રાર્થના રતિ સંપૂર્ણા. શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ.

શ્રી સરસ્વતીને જગાડવાનું પદ.

રાગ પ્રભાતી.

જાગિયે સરસ્વતી દયાળી માત મેરી; જાગિયે૦ ટેક.
વિપ્રજન જલ ભરન આઇ, જાગિકે અનેરી.
જાગિયે સર૦ ૧

ઉઠો માત ભયો પ્રાત, સ્નાનકો સુસમય જાત;
દ્વિજ તવ ગુન ગાન કરત, આય તીર તેરી;
જાગિયે સર૦ ૨

વિનતી મમ શ્રવણ ધરો, દીનનપે દયા કરો;
પતિતનકો શુદ્ધ કરો, પાપ સર્વ હેરી જાગિયે. ૩
પ્રકટિકે પ્રભાવ પૂર્ણ, સંકટ સબ કરો ચૂર્ણ;
વિનવે હરિદાસ બસો, રસનાપેં મેરી. જાગિયે. ૪

શ્રી સરસ્વતી ગંગાનું માહાત્મ્ય.

પદ ભેરવી.

જો ગંગ ગંગ મુખસે ગાયગા. ટેક.
અંગકે મલ સંગ છાડે, અંગ સબ હરિ જાય ગાજે ગંગ મુખસે.
પાપ વાકે નિકટ નાવે, દુ:ખ દૂર ન જાયગા;

કુમતિ કટિ જાટ સુમતિ હોવે, હરિ ચરન ચિત લાયગા જો ગં૦ ૨
બ્રહ્મ તનયા કુમારી કે, પુણ્ય જલસો ન્હાયગા;
સ્વર્ગ સમ સુખ ભોગિકે, વહ બ્રહ્મ પદકો પાયગા. જો ગંગ. ૩
ગંગ ગુન ગાવત નિરંતર, સુરન સંગ સુહાયગા;
કહત શ્રી હરિદાસ હરજી, ફિર જઠર નહિ આયગા. જો ગં૦ ૪

શ્રી મુખ દર્શનનું પદ.

રાગ પ્રભાતી.

ચાલ સખી વેહેલેરાં જઇએ, શ્રી મુખ હરિનું જોવા રે;
જન્મ જનમનાં પાતક સઘળાં, એક પલકમાં ખોવા રે. ચાલ. ૧
જે મુખ જોવા જોગી જન બહુ, તીવ્ર તપસ્યા સાધે રે;
સનકાદિક મુનિ સુર ઇંદ્રાદિક, એક મને આરાધે રે. ચાલ. ૨
જે મુખ જોગી થઇ શિવજીએ, ગોકુળમાં જઇ જોયું રે;
અલક જગાવી નંદને દ્વારે, દર્શનથી મન મોહ્યું રે. ચાલ. ૩
જે મુખ લક્ષ્મી નિરખે નિરંતર, સેવ કરે કૃષ્ણ ચરણે રે;
જે નિરખી નારદ ગુણ ગાયે, મૂકી સઘળી * માયા રે. ચાલ. ૪
જે મુખ સીતાને મન વસિયું, રાધા ચંદ્ર ચકોરી રે;

---

* જે મુખ રૂપીચંદ્રને જોઈ ચકોરીની પેઠે શ્રી રાધાજી તલ્લીન બની જતાં તે હરિનું શ્રી મુખ.

જે જોવા ઘેલી થઈ ફરતી, વ્રજ વનિતા સહુ ગોરીરે. ચાલ. ૫
પૂરણ પુરુષ વિના જેનું મુખ, અવધે નવ દેખાયરે;
તે પ્રભુ યુગલ સ્વરૂપ બિરાજે, શ્રી ગોવિંદ માધવ રાયરે. ચાલ. ૬
શ્યામળ સુકોમળ ગોવિંદનું મુખ, માધવ ગોરે વાનેરે;
માથે મુકુટ ધરે અતિ સુંદર, કુંડળ ઝળકે કાનેરે. ચાલ. ૭
તે મુખ જોઈ કૃતારથ થઈએ, જન્મ સફળ કરી લઈએરે;
શ્રી હરિદાસ કહે હરિ શરણે, શ્રી સ્થળમાં જઈ રહીએરે. ચાલ. ૮

॥ શ્રી હરિ ॥

પદ શ્રી ગોવિંદ માધવને જગાડવાનું. રાગ પ્રભાતી.
જાગો હો પ્રભુ ગોવિંદ માધવ, શ્રી કમળાપતિ સ્વામીરે
સેવક જનને સુખ કરવાને, ઉઠો અંતર જામીરે. જાગો હો પ્રભુ. ટેક
શ્યામળ ગૌર સ્વરૂપ યુગલનાં, દર્શન દ્યો બહુ નામીરે;
સુંદર શ્રી મુખ દેખાડીને, મીટ કરો મુજ સામીરે. જાગો. ૧
વીતી રાત પ્રભાત થયો પ્રભુ, તિમિર ગયું ભય વામીરે;
ચંદ્ર મલીન થયો રવિ દેખી, દીપક જ્યોતિ વિરામીરે. જાગો. ૨
ધેનુ ઉઠી ધવરાવે વત્સને, તૃણ મન માન્યું પામીરે;
વન પક્ષી વનમાંહે બોલે, રજનીનાં દુઃખ વામીરે. જાગો. ૩
વિપ્ર વદંતા મંત્ર મુખેથી, વેદ વચન અનુગામીરે;

ભક્તજન મધુરા સ્વરથી ગાયે, ગુણ તવ ગરૂડા ગામીરે. જાગો.૪
જય જયકાર કરે નરનારી, દ્વારે ઉભાં શિર નામીરે;
આ મુખ જોવા સેવક જનની, ભીડ ઘણેરી જામીરે. જાગો. ૫
કૃપા કરી જાગો જગદીશ્વર, ભાગો ભવની ભામીરે;
વિનંતિ શ્રી હરિદાસ તમારો, પદ પંકજને પ્રણામીરે. જાગો. ૬

સમાપ્ત.

જાહેર ખબર.

આ દુકાને અનેક તરેનો માલ મળે છે. જેવા કે

હીંગનો ચોખ્ખો રસ

આરસની પ્રતીષ્ઠા કરવા લાયક મનોહર તમામ દેવોની મુરતીઓ.

કાળા તથા ધોળા ખલ.

ઘણી ઉત્તમ સુખડ, બત્તીની પાથડીયો

આગ્રાની શેતરંજીઓ, સુગંધી અગરબતી.

મશાલાનો કાથો.

હલકા અને મોટાડી જેવા કાથા જે ભાવે મલે છે તેનાથી જુજ કીમત વધારે આપવાથી મશાલાનો અસલ કાથો અમારે ત્યાં મલશે.

ઘોર પેડની શાઇ.

રાતીબ્લુ તથા ચોપડામાં લખવાની કાળી ઘોર પેડ ની શાઇ અમારે ત્યાં મળે છે. રૂ ૦—૧૨—૦ સામટી લેનારને નવા વરસની ડાયરી તથા હીંદનો નકશો મફત આપવામાં આવશે,

ભૈરવનાથની પ્રસાદીના કૃષ્ણ દોરા.

આજ કાલ યુવાન બંધુઓ કાળી ગળીના દોરા હાથે તથા ગળે બાંધવાનો શોખ રાખે છે ત્યારે તેમને અમારી વીનંતી છે કે, આ ભૈરવનાથની પ્રસાદીના રેશમી દોરા બાંધી આનંદ પામોને.

પ્રખ્યાત રાજા રવીવરમાની છબીયો.

આ છબીયો હરેક જાતની નાહાની મોટી મડેલી તથા વગર મડેલી અને છબીયો મડવાનો સાહીત્ય પણ તૈયાર મળેછે.

અસલ રૂદ્રાક્ષ.

આ રૂદ્રાક્ષની માળાઓ અમારે ત્યાં રૂ. ૦-૨-૦ થી માંડીને રૂ ૫-૬-૩. લગીની મળે છે. તેની કીમત એક જ ભાવે વાજબી કલદાર રોકડી લેવામાં આવે છે.

સુતળીનાં તથા કંતાનનાં પાવલાં તથા તોળવાનાં કાંટાં.

લા. જગન્નાથ માધવરામ શર્મા.